THEOSOPHIC JYOTI (Gujrati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः | तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક અંતદષ્ટિ પ્રેરતું પોષતું, અને પ્રફુલ્લાવતું સામયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshad M.Dave

Year- 10 | August - 2025 | No. 99

## અનુક્રમણિકા


1. સંપાદકીય........................................સંપાદક 03
2. ૧૨મી વર્લ્ડ કોંગ્રેસ........................................શ્રી હર્ષવદન શેઠ 04
3. સુરત ટી.ઓ.એસ.–નોટબુક વિતરણ....................શ્રી ઉદય જે. પાકાવાલા 06
4. દુઃખને દૂર રાખો........................................શ્રી નરસિંહભાઈ ઠાકરિયા 07
5. ધ હિડન સાઈડ ઓફ ધ થિંગ્સ........................................ શ્રી ધવલ શેઠ 08
6. જે.કૃષ્ણમૂર્તિ–પરિચય........................................ડો. ગુલાબચંદ પટેલ 10
7. બ્રહ્મવિદ્યાના સુવિચારો ........................................ શ્રી ભરતભાઈ ચુડાસમા 12
8. પ્રેરણાદાયી ઋણ અભ્યાસવર્ગ........................................ શ્રી ઉદય જે. પાકાવાલા 13
9. પૈસા અને સુખ........................................શ્રી સૂર્યકાંત ડી.પટેલ 16
10. ધર્મ........................................શ્રી કાંતિલાલ પી. પટેલ 17
11. શાખા સમાચાર........................................વિવિધ શાખાઓ 18/19
12. આપણો પુસ્તક પ્રેમ ........................................શ્રી પ્રવીણભાઈ માંડલિયા 20


Price Rs. 10/- Yearly Subscription : Rs. 100 /- (In India) • Published & Printed at : Vadodara

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

## થિયોસોફિકલ સોસાયટીના ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.
(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દૃષ્ટિએ ઉત્તેજન આપવું.
(૩) કુદરતના નહીં સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧.

## ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : શ્રી હર્ષવદન એમ. શેઠ (રોહિત લોજ)
મંત્રી : શ્રી છબીલદાસ કે. સોની (શ્રીરામ લોજ)
ઉપપ્રમુખ : શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા (સનાતન લોજ)
સહમંત્રી : શ્રી પ્રશાંતભાઈ કે. શાહ (સનાતન લોજ)
ખજાનચી : શ્રી રમેશચંદ્ર ડોલીઆ (અમદાવાદ લોજ)

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન કાર્ય અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી છબીલદાસ કે. સોની**
બી/૩, બોમ્બે સોસાયટી, ગાયત્રી મંદિર રોડ,
મહાવીરનગર, હિમ્મત નગર,
જી. સાબરકાંઠા, ગુજરાત - ૩૮૩ ૦૦૧
મો. નં. ૯૮૨૫૫ ૯૦૫૪૩
E-mail-cksoni1205@gmail.com

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

### બુક સ્ટોલ મેનેજર

શ્રી પ્રવીણભાઈ માંડલિયા
સી/૩૧૧, કેસરીયા હનુમાન રોડ,
એમ.જી.ટી. ટ્યૂશન કલાસ પાછળ,
શ્રી રામ નગર, કાળિયાબીડ, ભાવનગર - ૩૬૪૦૦૨
મો. : ૯૪૨૬૧૬૪૫૫૭, ૮૩૨૦૦૬૬૪૧૫

**સહતંત્રી : શ્રી ગિરીશ 'નીલગિરિ'**
મો. : ૮૪૬૯૬૪૮૦૭૩

**વ્યવસ્થાપક : શ્રી અતુલ દરજી**
મો. : ૯૪૨૯૫૩૫૨૯૧

**થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)**
**શ્રી હિતેષકુમાર કાંતિલાલ પટેલ**
સનાતન લોજ, સુરત
મો. : ૮૧૪૧૭ ૭૭૨૩૬

### "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૧૫૦૦–૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૧૦૦૦–૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ. ૫૦૦–૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ. ૧૦૦–૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં "જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ" એ નામે મનીઑર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવોઃ–

**શ્રી હર્ષદ એમ. દવે**
એ–૨૦૧,માઈલસ્ટોન રેસીડન્સી,
નાયરા પેટ્રોલ પંપ સામે, બ્રાઈટ ડે સ્કૂલ પાસે,
વાસણા–ભાયલી રોડ, વડોદરા – ૩૯૧૪૧૦
મો. : ૮૭૫૮૭૪૬૨૩૬
E-mail - hdjkdave@gmail.com

**GTF Jyoti Prakashan Fund**
Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 364001)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# સંપાદકીય

## વિશ્વોત્પત્તિ

પહેલી કડી પ્રલય કાળમાં સૃષ્ટિ વ્યક્ત થઈ તે પૂર્વેની બ્રહ્માવસ્થાનું વર્ણન આપે છે. એક ઘડી પર્યંત વિચાર કરતાં જણાશે કે આવી અવસ્થાનું અહીં વર્ણન આપવું કેવળ અશક્ય છે, આવી અવસ્થા માત્ર અલંકારો વડે સમજાવી શકાય અને તે પણ વેદની પ્રસિદ્ધ રીતે નેતિ નેતિ તે આ નથી, તે આ નથી, એવી રીતે સમજાવી શકાય. કેમકે તે કૈવલ્યની અવસ્થા છે, કેવળ નિર્ગુણ છે; અને કૈવલ્યમાં સર્વે ગુણોનો નકાર કર્યાથી જ તે દર્શાવી શકાય છે.

બીજી કડીમાં જે અવસ્થાનું વર્ણન કર્યું છે, તે પહેલી કડીમાં જણાવેલી અવસ્થાને લગભગ મળતી છે. આ સઘળી કડીઓનો અર્થ વાંચનારે પોતાની અંતર શક્તિઓ વડે સમજવાનો પ્રયત્ન કરવો.

ત્રીજી કડી પ્રલય કાળ પછી સૃષ્ટિ સર્ગના આરંભનું વર્ણન આપે છે. તે બ્રહ્મમાં લય પામેલા જીવોને જાગ્રત થતા દેખાડે છે; જીવ એટલે સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરમાણુ કે મહાનમાં મહાન સૂર્ય મંડળ.

ચોથી કડી વિશ્વના મધ્ય બિંદુમાંથી ધ્યાન-ચૌહાણોના સાત વગેરે જેઓ અદ્વૈત પરમ-શક્તિના રૂપો છે તેમને પ્રગટ થતા દેખાડે છે. તેઓ વિશ્વમાં સર્વે પ્રગટ પદાર્થના ગોઠવનાર, ઘડનાર અને ઉત્પન્ન કરનાર છે. તેઓ વિશ્વનું 'મહત્ત્' છે, અને વિશ્વને લઈ ચલાવે છે. તેઓ પ્રગટીકરણની વ્યવસ્થા કરી તે ઉપર કાબૂ ધરાવે છે, અને જેમને આપણે કુદરતના કાયદા કહીએ છીએ તે કાયદાઓનો મૂળ નિયમ પોતાનામાં સમાવે છે, તેમનું સાધારણ નામ 'ધ્યાન-ચૌહાણ' છે, જો કે ગુપ્તજ્ઞાનમાં તેમના જુદા જુદા વર્ગના જુદાં જુદાં વર્ગનાં જુદાં જુદાં નામ છે. સૃષ્ટિ-સર્ગની આ પાયરીને પુરાણમાં 'દેવ-સર્ગ' કહે છે.

પાંચમી કડીમાં ગ્રહોની બાંધણી દર્શાવી છે :- પ્રથમ વૈશ્વિક ધૂળ દહીંની પેઠે વેરાઈ જાય છે. પછી પ્રકાશિત વંટોળિયા રૂપ બની રહે છે. અને આ ગ્રહોની પ્રથમ સ્થિતિ છે. આ વંટોળિયા ઘટ્ટ (ઘાટા) થવા માંડે છે, અને અનેક પ્રકારના ફેરફારોમાંથી પસાર થઈ છેવટે સૂર્ય મંડળ, કે ગ્રહ-હારમાળા, કે એક છૂટો ગ્રહ કે ગોળો બની રહે છે.

છઠ્ઠી કડીમાં ગ્રહો બની ગયા પછીની તેમની સ્થિતિનું વર્ણન આપ્યું છે. જે સૃષ્ટિસર્ગનું વર્ણન વર્તમાનકાળ સુધી લાવી મૂકે છે.

સાતમી કડી આ વર્ણન ચાલુ રાખી ગ્રહ ઉપર જીવો પ્રથમ ઉતર્યા ત્યારથી તે માણસ જાતના પહેલા દેખાવ પર્યંતનો ઈતિહાસ આપે છે. અને ગુપ્તજ્ઞાનના પહેલા પુસ્તકને સમાપ્ત કરે છે.


આ ચાલુ કલ્પમાં આ પૃથ્વી ઉપર માણસજાતના પહેલા દેખાવથી તે હાલમાં તેમની વર્તમાન સ્થિતિ પર્યંતનું માણસની વૃદ્ધિનું વર્ણન પછીની બાર કડીમાં આપ્યું છે. પહેલી સાત કડી વિષ્વોત્પત્તિનું વર્ણન આપે છે. ત્યારપછીની બાર કડીઓ મનુષ્યોત્પત્તિનું વર્ણન કરે છે.

– સંપાદક

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**

## ૧૨મી વર્લ્ડ કોંગ્રેસ....

પ્રસ્તુતિ
શ્રી હર્ષવદન શેઠ
પ્રમુખ : જીટીએફ
મો. ૯૮૨૪૦૭૩૬૭૮




જુલાઈ ૨૦૨૫ માં તારીખ ૨૩ થી ૨૭ સુધી વેનકુંવર, કેનેડા ખાતે બ્રિટિશ કોલમ્બિયા યુનિવર્સિટીમાં ૧૨મી વર્લ્ડ કોંગ્રેસ યોજાઇ રહી છે. આંતરરાષ્ટ્રીય પ્રમુખ શ્રી ટીમ બોયડ સાથે ઇન્ડિયન સેક્શનના જેટલા સભ્યોએ ભાગ લીધો છે તે સૌને અભિનંદન!

આ લેખ વર્લ્ડ કોંગ્રેસના કાર્યક્રમના એક અઠવાડિયા અગાઉનો છે એટલે કે તારીખ ૧૩મી, રવિવારે સવારના એક વિશિષ્ટ અનુભૂતિ સાથે મોકલી રહ્યો છું. આવતા મહિને ત્યાંના અનુભવોની વાતો આપને જણાવીશ.

૧૨મી વર્લ્ડ કોંગ્રેસની થીમ છે: Toward Insight and Wholeness : Our role in shaping the future (આંતરચેતના અને પૂર્ણતા તરફ : ભવિષ્ય ઘડતરમાં આપણી ભૂમિકા)

કેનેડામાં સ્થિત થિયોસોફિકલ સોસાયટીને સો વર્ષ થયા છે. આંતરરાષ્ટ્રીય ટી.એસ.ને ૧૫૦ વર્ષ થાય છે. તેથી આ શતાબ્દીઓની ઉજવણી માટે ૧૨મી વર્લ્ડ કોંગ્રેસ ત્યાં યોજાઈ છે. અડ્યારનું આંતરરાષ્ટ્રીય મથક તેનું મહેમાન છે. કેનેડિયન એસોસિએશન ઓફ ધ થિયોસોફિકલ સોસાયટી તેનું યજમાન છે. આંતરરાષ્ટ્રીય પ્રમુખ ટીમ બોયડ પોતાના સંદેશામાં જણાવે છે કે ''૧૫૦ વર્ષથી થિઓસોફિકલ સોસાયટી બ્રહ્મવિદ્યાના આંતરચેતનાના મહાપ્રવાહને વહાવી રહી છે. આધુનિક દુનિયા ઘણા બધા વિભિન્ન પ્રકારના પ્રત્યાઘાતો પણ ઝીલી રહી છે. આપણા વિશાળ સમાજ માટે અર્થપૂર્ણ પરિવર્તનનો સમય આવી ગયો છે. ૨૦૨૫માં આપણે વેનકુંવરમાં, બ્રિટિશ કોલમ્બિયા યુનિવર્સિટીમાં મળીને દુનિયાભરમાંથી આવેલા બહુમુખી પ્રતિભા ધરાવતા સભ્યોની વચ્ચે આ વૈશ્વિક ચેતનાને અનુભવીશું. આ પણ એક એવી તક પ્રાપ્ત થઈ છે કે જે વખતે આપણે વિશ્વભરના ભવિષ્ય માટેની જરૂરી તકોની બાબતોને આપણી પૂર્ણ શક્તિઓ દ્વારા સમજવા સાથે પ્રયત્ન કરીશું.

૧૫૦મું વર્ષ દર વર્ષે આવતું નથી. હું આપ સૌને કેનેડામાં વેનકુંવરમાં જોડાવા માટેનું આમંત્રણ આપું છું.''

ગુજરાતભરના આપણા જે પસંદગી પામેલા પ્રતિનિધિઓ ભાગ લેવા જઈ રહ્યા છે, તેમાં જેઓનો સમાવેશ થયો છે તે સૌને આપણે આવકારીએ છીએ.

ઇન્ડિયન સેક્શન દ્વારા આ રીતે પસંદગી પામેલા પ્રતિનિધિઓને જવા, આવવાનું વિમાન ભાડું તથા ત્યાં રહેવા તથા જમવાની વ્યવસ્થાનો ખર્ચ ઉપાડવામાં આવ્યો છે. આપણા ભારત દેશના પ્રતિનિધિ તરીકે આ મિત્રો કેનેડા જઈ રહ્યા છે. ત્યાંના કાર્યક્રમો પણ આંતરરાષ્ટ્રીય કન્વેન્શનની જેમ ગોઠવાયેલા છે. આ પ્રકારના ભવ્ય કાર્યક્રમમાં જવાની તક જ્યારે આપણને મળતી હોય ત્યારે હું એવું માનું છું કે આ ગુરુદેવોની જ કૃપા છે. અત્યાર સુધી ૧૧ વર્લ્ડ કોંગ્રેસ દુનિયાભરના જુદા જુદા દેશોમાં સંપન્ન થઈ છે. આપણા દેશમાંથી જે લોકોએ પણ તેમાં હાજરી આપી હોય તેઓ બધા પોતાને ખર્ચે ત્યાં ગયા હતા પરંતુ આ વખતે ઇન્ડિયન સેક્સન દ્વારા ૧૦૦થી વધુ પ્રતિનિધિઓને સ્પોન્સર કરીને ઇતિહાસ રચ્યો છે.

કેટલીક વાર આવા ભવ્ય કાર્યક્રમમાં ભાગ લેવાની તક જેમને પણ મળે છે તેઓને માટે આપણે કદાચ ઈર્ષા કરીએ અને થાય પણ ખરી! વ્યક્તિત્વના પૂર્ણત્વના પાસાને જો અનુભવવું હોય તો જૂનું ત્યજીને ખુલ્લા મન સાથે આગળ આવવું જોઈએ. સિક્રેટ ડોક્ટ્રિનમાં મેડમ એચ.પી.બી. ખૂબ જ ઉમદા રીતે જણાવે છે કે '' જેઓને આવી અસાધારણ તક પ્રાપ્ત થાય છે તેઓની જવાબદારી પણ અસાધારણ રીતે વધી જાય છે.'' આવો લાભ મેળવ્યા પછી જો અસાધારણ કાર્ય કરવાની આપણી તૈયારી ન હોય તો કર્મ ફળ અનુસાર કદાચ આપણે જેટલી પણ પ્રગતિ કરી હોય તેની વિશેષ ઉર્જા પ્રાપ્ત થયા કરે, તેથી તો સાવધાની પૂર્વક આપણે આપણી જવાબદારીઓ નિભાવવામાં આગળ રહેવું. આમ લાગે છે મોટી વાત; પરંતુ જ્યારે પણ આપણે ખૂબ જ શાંત રહીએ છીએ ત્યારે બિનજરૂરી નાની નાની બાબતોમાં સમય બગાડતા નથી અને આપણા કાર્યને આગળ ધપાવીએ છીએ. આ કાર્ય જ થિઓસોફીની સાચી ઓળખ છે!

વાનકુંવરની શહેરી અને સગવડવાળી જગ્યા આપણામાં નવી ઉર્જા ભરશે તેમાં બે મત નથી. કેટલાક સભ્યો તો ઉંમરમાં ૭૫ વર્ષથી પણ મોટી ઉંમરના છે; જેઓને થિઓસોફીનું કાર્ય આજીવન કરવાની પ્રેરણા મળ્યા કરે છે. આ બદલાતા સમયની સાથે સાથે આપણે સૌએ આપણી સીધી જે જવાબદારીઓ છે તેને પણ ઓળખીને, એ પ્રમાણેના સમયનું આયોજન કરીને, આપણી લોજના કાર્યને ખૂબ જ વેગવંતુ બનાવવાની તાતી જરૂરિયાત છે. મને વિશ્વાસ છે કે આપણા સભ્યોને કોઈ સલાહ ની જરૂર નથી!

આપના હાથમાં આ મેગેઝીન ઓગસ્ટ મહિનામાં આવ્યું હશે અને આપ વાંચતા હશો ત્યારે વેનકુંવરનો બારમાં વર્લ્ડ કોંગ્રેસનો કાર્યક્રમ પૂર્ણ થઈ ગયો હશે. ભાગ લેનારા સૌની સ્મૃતિઓમાં ઐતિહાસિક સ્વરૂપે તે કાર્યક્રમ સચવાઈ ગયો હશે. ભાગ લેનાર સૌ સભ્યો પોતાના આ સ્મૃતિ પટલને શબ્દોનું સ્વરૂપ આપીને આપણા મેગેઝીન દ્વારા આપના અનુભવો વાચકો સુધી, અન્ય સભ્યો સુધી પહોંચે તેવી અભ્યર્થના સાથે વીરમું છું.

આશા રાખું છું કે આપ સૌ સભ્યોએ પોતાનું સભ્યપદ રીન્યૂ કરાવી લીધું હશે.

અસ્તુ!

# સુરત ટીઓએસ દ્વારા નોટબુક વિતરણ

પ્રસ્તુતિ
શ્રી ઉદય જે. પાકાવાલા
સભ્યશ્રી ટીઓએસ, સુરત
મો. ૯૪૨૯૬૨૬૯૩૩




તા. ૨ જુલાઈ ૨૦૨૫ના રોજ સુરત TOS તથા ગુજરાત TOS ના સથવારે ગોપીપુરાની એસ.પી.ઝવેરી ગર્લ્સ સ્કૂલમાં ચંદ્રિકાબેન પાઠકજી સભાગૃહમાં ધોરણ ૯ અને ૧૦ની લગભગ ૧૬૮ વિદ્યાર્થીનીઓને પ્રત્યેકને ત્રણ એમ કુલ ૫૦૦ નોટબુકોનો વિતરણ સમારંભ ભવ્ય રીતે ઉજવાયો.

શરૂઆતમાં સભાના અધ્યક્ષ નેશનલ લેક્ચરર શ્રી નરસિંહભાઈ ઠાકરિયા સાહેબે ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને ભાવિ જીવનનું લક્ષ કેન્દ્રિત કરી ખૂબ પુરુષાર્થ કરવાની હિમાયત કરી. TOS ગુજરાતના પ્રમુખશ્રી હિતેશભાઈ પટેલે TOS પ્રવૃત્તિનો સંક્ષિપ્ત ખ્યાલ આપી વિદ્યાર્થીનીઓ તેમના અભ્યાસમાં સફળ થાય તેવી શુભકામના વ્યક્ત કરી. તેમણે એની બેસન્ટ હોલમાં વિદ્યાર્થીઓ માટે રાત્રી વર્ગો ચલાવવાની નેમ વ્યક્ત કરી. લોજ ઉપપ્રમુખશ્રી ઉદય પાકાવાલાએ થિયોસોફી વિષે સંક્ષિપ્તમાં રજૂઆત કરી અને નવા મેમ્બર બનાવવા હિમાયત કરી.

સુરતના કારોબારી સભ્ય ડોક્ટર દીપિકાબેન પાઠકજીએ આ સ્કૂલ સાથેના પોતાના પરિવારના સંસ્મરણોને વાગોળ્યા, કારોબારી સભ્ય સુશ્રી પ્રતિભાબેન પારેખે અભ્યાસમાં સફળ બનવાની ચાવી આપી. લોજના ખજાનચી શ્રી મનસુખભાઈ દોમડિયા તથા વરિષ્ઠ સભ્ય શ્રી ધીરુભાઈ દોમડિયાએ પણ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આચાર્ય શ્રીમતી અનિતાબેને પોતાની સ્કૂલમાં નોટબુક વિતરણ માટે ટીઓએસનો આભાર માન્યો. અન્ય શિક્ષકોએ પણ હાજર રહી કાર્યક્રમને દિપાવ્યો હતો. આ રીતે સુરત TOS નો એક સફળ કાર્યક્રમ સંપન્ન થયો.

૦૦૦

સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખતાવાલાના સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખતાવાલા, રેવા લોજ, વડોદરા

## દુઃખને દૂર રાખો

પ્રસ્તુતિ

શ્રી નરસિંહભાઈ ઠાકરિયા
નેશનલ લેક્ચરર
ઉપપ્રમુખ-જીટીએફ
પ્રમુખ-સનાતન લોજ, સુરત

આપણામાંના ઘણા માનવીઓની પ્રકૃતિ એવી હોય છે કે ઈશ્વરે તેને મકાન - ગાડી - ધન - ફોન - સંતાન - પરિવાર એ સઘળું પૂરતા પ્રમાણમાં આપ્યું હોવા છતાં મનમાં મનમાં જાતે દુઃખી થયા કરે છે. પોતાની જાતને કોઈ પણ કારણ વિના માત્ર કલ્પના કરી કારણ શોધી પોતે દુઃખી હોવાનો સતત અહેસાસ અનુભવે છે. આ બાબત જરા વિગતથી બુદ્ધિપૂર્વક વિચારીએ તો અવશ્ય આપણે દુઃખી હોવાનો ભાવ છોડી શાંતિભર્યા સુખી થવાની આરામદાયક ક્ષણો માણી શકીએ છીએ.

ઘરમાં વાસણ ફૂટી જાય અથવા બહાર રમવા ગયેલું બાળક કોઈની તકરાર-ઝઘડો લઈને આવે કે કોઈ અણધારી બીમારી આવી પડે ત્યારે આપણે માનીએ છીએ કે નસીબ ખરાબ છે. નસીબને કારણે આવું થાય છે. તે તદ્દન અસત્ય, ખોટું છે તેવું જાણતા હોવા છતાં આપણે મનોમન દુઃખી થઈએ છીએ અને વાત ને વર્તનમાં ઢીલાં પડી અન્યને પણ દુઃખી કરતા હોઈએ છીએ.

જે થોડી ધીરજ, સમજદારી અને શાંતિથી ઉકેલી શકાય એવી આફતોમાં આપણી જાતને જોવી બિલકુલ યોગ્ય નથી. આવા આકસ્મિક પ્રસંગોએ ખૂબ મનોબળ રાખી તમે સમજદાર છો અને એવો જાત પર સંપૂર્ણ ભરોસો રાખી પ્રસન્નતાભર્યું વાતાવરણ સાચવી શકો છો. દરેક માનવી પોતાની સમજશક્તિ અને ક્ષમતા પ્રમાણે આવા નાના મોટા અણધાર્યા બનાવોમાં સ્થિરતા રાખી પોતે દુઃખી થતાં નથી, અન્યને દુઃખી થવા દેતા નથી.

જે માનવી વ્યક્તિગત તકલીફોને મહત્વ આપે છે, તે વ્યક્તિ ખરેખર દયાને પાત્ર છે.

સંશય અને ભય એ માનવીના બે કટ્ટર શત્રુઓ છે. આત્મગ્લાનિમાંથી જ તે જન્મે છે. આ બે શત્રુઓ આગળ માનવી જો હાર સ્વીકારી લે તો તેની જિંદગી જીવવા જેવી રહેતી નથી. આવા નબળા વિચારોથી દૂર રહેવું જોઈએ. જ્યાં સુધી આપણે પરિસ્થિતિ અંગે કાયમ ફરિયાદ જ કરતાં રહીશું, ત્યાં સુધી પ્રગતિથી દૂર રહીશું. વાસ્તાવિક સ્થિતિમાં જો સંકટ આવી પડે તો એનાથી ગભરાઈ જવાથી કોઈ અર્થ સરશે નહીં. સત્વરે એનો સામનો કરવો અને ધારેલી સફળતાને વરેલી ઘણી વ્યક્તિઓ આ જગતમાં થઈ ગઈ છે. આંખે દેખી ન શકતાં હોવા છતાં તેમજ કાનથી સાંભળી શકતાં ન હોવા છતાં હેલન કેલરે કેટલી સિદ્ધિઓ મેળવી છે, એ આખું જગત જાણે છે. અરે! બહુ જાણીતા માનવસેવા પ્રેરણામૂર્તિ શ્રી મોટા શારીરિક રીતે રોગોથી પીડાતા હતાં. છતાં દઢ મનોબળથી તેમણે કેટલાંય સમાજોપયોગી કાર્યો કર્યા છે. આજે તેઓની ગેરહાજરીમાં પણ તેમનું સમૃદ્ધ ટ્રસ્ટ સેવાકીય પ્રવૃત્તિઓ કરી પ્રેરણા આપે છે.

આપણે બધાં દુઃખોથી મુક્ત થશું તો જીવનમાં શાંતિ, સંતોષ અને પ્રસન્નતાને સ્થાન મળશે. જીવન જીવવા જેવું લાગશે. પછી મનમાં કે બહાર દુઃખની લાગણી થતી બંધ થશે. આપણે મનથી કારણવગર દુઃખી થવાનું બંધ કરી જીવવાનું શરૂ કરીએ અને હરદમ પ્રસન્ન રહી સમાજ સેવાનાં કાર્યો કરી હંમેશાં આનંદમાં રહી શકીશું. ૦૦૦

# ધ હિડન સાઈડ ઓફ ધ થિંગ્સ

વસ્તુઓની ગૂઢ બાજુ

સી.ડબલ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ

શ્રી ધવલ શેઠ

રોહિત લોજ

## આપણે વિચાર દ્વારા શું કરી શકીએ છીએ?

માની લો કે કોઈ માણસ જ્ઞાન અર્જિત કરે છે. તો આ જ્ઞાન તે બીજા સો લોકોને આપે છે. છતાં પણ તેની પાસેથી આ જ્ઞાન જતું રહેતું નથી. એટલું જ નહીં પરંતુ એવાં બીજા લોકો કે જેમને તે આ જ્ઞાન આપી શકતો નથી તે લોકો પણ આ જ્ઞાનથી ફાયદો મેળવે છે કેમ કે તેની પાસે આ જ્ઞાન છે આથી તે વધુ ડહાપણભર્યો અને વધુ ઉપયોગી બની રહે છે. તે જે બોલે છે તેનાથી તેનું વજન પડે છે. તેના કર્મો વધુ ડહાપણભર્યા બને છે, અને આથી તેના પોતાના અભ્યાસ માટે તેની આસપાસનાં બીજા લોકો મદદરૂપ બની રહે છે.

આ વિષયમાં આપણે હજુ પણ ઊંડા જઈ શકીએ છીએ. કેમ કે માણસ વધુ જાણે છે. માત્ર તેના શબ્દો અને કર્મો જ નહીં પરંતુ તેના વિચારો પણ પહેલાં કરતાં વધુ ડહાપણભર્યા બને છે. તેના વિચાર-રૂપો વધુ સારા બને છે. તેના માનસિક શરીરમાંથી નીકળતાં વિચાર-તરંગો વધુ ઉચ્ચ અને સમૃદ્ધ બને છે. અને આ અનિવાર્યપણે તેની આસપાસનાં લોકોનાં માનસિક શરીરો પર પણ પોતાની અસર ઊભી કરે છે. કુદરતમાં બીજા તરંગોની જેમ આ વિચાર-તરંગો પણ પોતાના જેવા જ બીજા વિચાર-તરંગોને જન્મ આપે છે, તે જેનાં પણ સંપર્કમાં આવે છે તેનામાં પોતાનાં જેવાં જ આંદોલનો પેદા કરે છે. પાર્થિવ જગતમાં કુદરતનાં જે નિયમની મદદથી આપણે ચા બનાવવા માટે પાણી ગરમ કરી શકીએ છીએ અથવા તો આપણી બ્રેડને ટોસ્ટ કરી શકીએ છીએ તે જ નિયમ એ ચોક્કસ કરે છે કે ડહાપણની સારી અસર બીજા લોકો પર પણ થાય. ડહાપણ ધરાવનાર વ્યક્તિ જો કોઈ શબ્દ ન ઉચ્ચારે તો પણ આ અસર થાય જ છે.

આથી બધાં ધર્મોમાં સારા, ડહાપણભર્યા અને શુદ્ધ વ્યક્તિના સંગને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે. કદાચ તમે પહેલાં ખૂબ જ આવેગવાળા વ્યક્તિ હશો અને હવે તમે આ આવેગને કાબૂમાં રાખતાં શીખ્યા છો. ચાલો સમજીએ કે તે બીજા લોકોને કેવી રીતે અસર કરે છે. પાર્થિવ જગતમાં તો નિ:શંકપણે બીજા લોકો માટે આ બાબત સારી છે. પરંતુ આપણે મનુષ્યનાં સૂક્ષ્મ શરીરો પર તેની અસરને સમજીએ.

જ્યારે આપણે ગુસ્સો કરીએ છીએ ત્યારે આપણામાંથી બધી જ દિશાઓમાં ક્રોધનાં તરંગો વહે છે. 'Man Visible & Invisible' પુસ્તકમાં ક્રોધનાં આવા તરંગોનાં ચિત્રો આપેલાં છે. જે વ્યક્તિએ તેને જોયા છે તેને એ જણાવવાની જરૂર નથી કે આવા તરંગો આસપાસનાં લોકોનાં એસ્ટ્રલ શરીર પર કેવી ખરાબ અસર કરે છે. કદાચ એવું પણ બને કે આસપાસનાં લોકોમાંથી કોઈ વ્યક્તિ ગુસ્સાની પોતાની આ ખરાબ આદત સામે સંઘર્ષ કરતો હોય. જો એમ હોય, તો ગુસ્સાનાં બહારથી આવેલાં આવાં તરંગો તેના એસ્ટ્રલ શરીરમાં પણ તેવાં જ તરંગો પેદા કરે છે. આથી તેની અંદરનો દુર્ગુણ વધુ મજબૂત બને છે. તેનું કાર્ય વધુ અઘરૂં બની જાય છે અને તેનો સંઘર્ષ પહેલાં કરતાં પણ વધી જાય છે. આપણને આવું કરવાનો કોઈ જ અધિકાર નથી.

પરંતુ જ્યારે આપણે સ્વ-નિયંત્રણ શીખી લઈએ છીએ ત્યારે આ બધું વધુ સારી રીતે બદલી શકીએ છીએ. આપણે હજી પણ વિચાર-તરંગો તો બહાર મોકલીએ જ છીએ કારણ કે તે કુદરતનો નિયમ છે. પરંતુ હવે તે ગુસ્સાનાં તરંગો નહીં બલ્કે પ્રેમ અને શાંતિનાં મજબૂત તરંગો હોય છે. અને આ તરંગો પણ આસપાસનાં વ્યક્તિઓનાં એસ્ટ્રલ શરીર પર પોતાની અસર ઊભી કરે છે, તે પોતાનાં જેવાં જ વિચાર-તરંગો આસપાસનાં લોકોમાં ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરે છે. હવે આસપાસની કોઈ વ્યક્તિ જો પોતાનાં આવેગો સામે

સંઘર્ષ કરી રહી હોય તો આવા વિચાર-તરંગો તેને મદદરૂપ બની રહે છે. આપણે આપેલી શક્તિ જે તે વ્યક્તિની વિપરીત કાર્ય કરવાને બહાને તેના માટે કાર્ય કરશે. આવી રીતે આપણે તેનો બોજ હળવો કરીને તેનાં વિકાસમાં મદદ કરીએ છીએ. તો અહીં શું એ સત્ય નથી કે આપણાં ફાયદામાં સામેની વ્યક્તિનો પણ ફાયદો છે ?

મનુષ્યો એકબીજા સાથે એટલાં બધા જોડાયેલાં છે કે તેમનામાં વિવિધતા હોવા છતાં પણ એકતા જોવા મળે છે કે જેથી કોઈ એક વ્યક્તિનાં વિકાસથી બીજા લોકોનો પણ વિકાસ થાય છે અને કોઈ એક વ્યક્તિનાં પતનથી બીજા લોકોની પણ અધોગતિ થાય છે. આથી આપણે આપણી જાતને મદદગાર તરીકે જોવી જોઈએ અને નહીં કે અવરોધ પેદા કરનાર તરીકે. તેથી જ કોઈ પણ જીવિત પછી તે માણસ હોય કે પશુ, તેને આપણાં વિચારો, આપણા શબ્દો અથવા તો કાર્યોથી નુકસાન ન થવું જોઈએ.

## પ્રકરણ-૨૦

## આપણાં કાર્યોની બીજાઓ પર થતી અસર

## ગરીબો માટેનું કાર્ય

આપણે શું કરી શકીએ છીએ તે એવો પ્રશ્ન છે કે જેનો સંપૂર્ણ જવાબ આપવો અશક્ય છે કેમકે દરેક વ્યક્તિની પાસે તેની પોતાની તકો હોય છે અને કોઈ પણ બે તકો એક સમાન હોતી નથી. ઘણીવાર એવો પ્રશ્ન પૂછવામાં આવે છે કે કોઈ થિયોસોફિસ્ટે ધર્માદાનું એવું કાર્ય કરવું જોઈએ કે જે થિયોસાફિકલ સોસાયટી સાથે જોડાયેલું ન હોય. આ એક એવો સવાલ છે કે તેનો જવાબ એક વ્યક્તિએ પોતાની જાત માટે આપવો જોઈએ કેમકે તેનો જવાબ જે-તે વ્યક્તિની પરિસ્થિતિઓ પર આધારિત હોય છે. એવું લાગે છે કે જ્યારે પણ થિયોસોફિકલ કાર્ય હોય ત્યારે કોઈ પણ થિયોસોફિસ્ટે તેમાં પોતાનો સમય આપવો જોઈએ કેમ કે આ એક એવું કાર્ય હોય છે કે જે થિયોસાફિસ્ટ પોતે જ કરી શકે છે. જ્યારે ધર્માદાનાં બીજા કાર્યો, સામાન્ય કાર્યો તેણે બીજા લોકો પર છોડી દેવા જોઈએ.

ઉદાહરણ તરીકે આપણે ઝૂંપડપટ્ટીનું સેવાકાર્ય સમજીએ, તો તેમાં ગરીબોની મુલાકાત લઈને અને તેમની જરૂરિયાતની વસ્તુઓ તેમને આપીને આપણે તેમની સીધી મદદ કરી શકીએ છીએ. કોઈ એને નકારી શકે નહીં કે આ કાર્ય સૌથી ઉત્તમ છે, અને એ દુઃખની બાબત છે કે આવું કાર્ય કરવાની સમાજમાં જરૂર પડે છે. પરંતુ જો કોઈને આ બંને કાર્યમાંથી કોઈ એકની પસંદગી કરવાની હોય : (૧) પાર્થિવ જગતમાં દેખાતી મદદ પાછળ પોતાનો સમય આપવો (૨) ઉચ્ચ જગતમાં એવું કંઈક કાર્ય કરવું કે જેથી ઝૂંપડપટ્ટીની જરૂર ન રહે, તો જણાય છે કે બીજા નંબરનું કાર્ય કરવું વધુ યોગ્ય ગણાય. તેની પાછળ પોતાનો સમય આપવો વધુ યોગ્ય જણાય કેમકે જેણે થિયોસોફીનો અભ્યાસ કરેલો છે તે જ થિયોસોફીને સમજાવી શકે છે. જ્યારે બીજો કોઈ પણ સારો અને ઉદાર દિલનો માણસ પછી તે કોઈ પણ વર્ગનો હોય, તે ગરીબો માટે ખાવાનું અને ધાબળા લઈ જવાનું કાર્ય કરી શકે છે.

રસ્તો બનાવવામાં મદદ કરવી એ નિઃશંકપણે સારી બાબત છે પરંતુ રસ્તો બનાવવાનાં કાર્યમાં આપણે એવા માણસને ન રોકવો જોઈએ કે જે પોતે એન્જિનિયર કે ડોક્ટર હોય. કોઈ પણ વ્યક્તિ કે જેનામાં એક ખાસ પ્રતિભા છે અથવા તો એવું કોઈ ખાસ જ્ઞાન છે કે જે તેને કોઈ ખાસ કામ કરવા માટે યોગ્ય બનાવે છે, તો તે વ્યક્તિએ ત્યાં જ પોતાની ઉર્જા ખર્ચવી જોઈએ. કેમકે આવું ચોક્કસ કાર્ય બહુ જ ઓછા લોકો કરી શકે છે. જ્યારે એવું કાર્ય કે જેમાં કોઈ ખાસ આવડતની જરૂર નથી તેને તો કોઈ પણ કરી શકે છે અને દુનિયાનાં મોટા ભાગનાં લોકો એવાં છે કે જેઓ માત્ર આવાં જ કાર્યો કરી શકે છે. એવી જ રીતે થિયોસોફિસ્ટે દુનિયાનાં બીજા સામાન્ય સેવાનાં કાર્યો કરવા માટે થિયોસોફીની વિદ્યાનાં પ્રચાર અને પ્રસારને બાજુ પર મૂકી ન દેવું જોઈએ. પરંતુ જો સંજોગો એવાં હોય કે તે પોતાની વિશેષતા પ્રમાણે થિયોસોફીનો પ્રચાર કરી શકે તેમ ન હોય, તો પછી તેણે અવશ્યપણે પોતાની ક્ષમતા મુજબનાં ઉચ્ચ પ્રકારનાં સેવાનાં કાર્યમાં પોતાનો સમય આપવો જોઈએ.

તેણે પોતાનામાં પરોપકારની ભાવનાને ખીલવવી જોઈએ કે જેથી કરીને તે આખો દિવસ બીજાઓને મદદ કરવાની તકની આતુરતાથી રાહ જોતો રહે. (ક્રમશઃ)

## જે.કૃષ્ણમૂર્તિનો પરિચય

પ્રસ્તુતિ
ડો. ગુલાબચંદ પટેલ
પ્રમુખ શ્રી
સારસ્વત થિયોલોફીકલ લોજ,
ગાંધીનગર.
મો. ૮૮૪૯૭૯૪૩૭૭

મારા લેખની શરૂઆતમાં વૈશ્વિક પ્રાર્થનાને સ્થાન આપીશ.

''અણુ એ અણુમાં ગુંજી રહેલ હે ગુપ્ત જીવન, પ્રાણી માત્રમાં શોભી રહેલા હે ગુપ્ત પ્રકાશ, સર્વ કોઈને એક્તામાંથી ગૂંથી રહેલા હે ગુપ્ત પ્રેમ, જે કોઈ તારી સાથે એકતા અનુભવી શકે છે, તો સમજવું કે તે બીજા સહુની સાથે પણ એક જ છે.'' -ડો એની બેસેન્ટ

દરેક વ્યક્તિ મનોવૈજ્ઞાનિક રીતે માનવજાત જ છે, તે ફક્ત પોતાનું જ નહીં, આખી માનવજાતિનું પ્રતિનિધિત્વ કરે છે. સમસ્ત માનવજાતનો તે પ્રાણ છે. આ વાસ્તવિકતા ઉપર વિવિધ સંસ્કૃતિઓએ એવો ભ્રમ ઠોકી બેસાડયો છે કે દરેક માણસ વિશિષ્ટ છે. આ ભ્રમમાં માનવી સૈકાઓથી જકડાયેલો છે, અને આ ભ્રમ જ વાસ્તવિકતા બની ગયો છે. જો કોઈ વ્યક્તિ પોતાના ચિત્તની રચનાનું ઝીણવટથી અવલોકન કરે, તો તેને ખબર પડશે કે જયારે તે દુઃખ સહન કરે છે, ત્યારે સમગ્ર માનવજાત પણ ઓછેવત્તે અંશે દુઃખ સહન કરે છે. જો તમને એકલતાની અનુભૂતિ થતી હોય તો સમગ્ર માનવજાતને એકલતા મળે છે. વ્યથા, દ્વેષ, ઈર્ષ્યા, ભયને સૌ કોઈ સમજે છે. તેથી માનસિક રીતે, આંતરિક રીતે, દરેક માનવ અન્ય માનવ જેવો જ છે. શારીરિક રીતે, જૈવિક રીતે વિશિષ્ટતાઓ હોય. કોઈ વધારે ઊંચું હોય તો કોઈ ઓછું, પણ મૂળભૂત રીતે દરેક માણસ સમગ્ર માનવજાતનો પ્રતિનિધિ છે. એટલે મનોવૈજ્ઞાનિક રીતે તમે વિશ્વ છો; તમે સમગ્ર માનવજાત પ્રત્યે જવાબદાર છો, એક અલગ વ્યક્તિ તરીકે માત્ર પોતાના પ્રત્યે જ નહીં, એ તો એક માનસિક ભ્રમ છે. સમગ્ર માનવવંશના પ્રતિનિધિ તરીકે, તમારો પ્રતિભાવ સંપૂર્ણ હોય, આંશિક નહીં. અહીં જવાબદારીનો અર્થ બિલકુલ જુદો છે. માણસે આ જવાબદારીની કળા શીખવી રહી. જો માણસ એ હકીકતનું પૂરેપૂરું મહત્વ સ્પષ્ટપણે સમજે કે તે પોતે જ વિશ્વ છે, તો જવાબદારી બની જાય છે અતિપ્રબળ પ્રેમ.

★

જિદુ કૃષ્ણમૂર્તિ એક દાર્શનિક, ચિંતક અને લેખક હતા. તેઓ વીસમી સદીના મહાન તત્વચિંતક, ભારતમાં જન્મ લઈને તે કેલિફોર્નિયામાં સ્થિર થયા હતા પણ તેમના ચિંતનનો લાભ વિશ્વભરના લોકો લેતા રહ્યા. કોઈ વાદ, વિચાર, સંઘ કે સંપ્રદાયમાં તેમનું ચિંતન કુંઠિત કરવાને બદલે તેમણે સદૈવ ચર્ચા અને સંવાદને પ્રાધાન્ય આપ્યું. બધેથી અહમને નાબૂદ કરવાની ઇચ્છાને લઈને તે વિશાળ જનસમુદાયના હૃદયમાં સ્થાન પામ્યા.

જે. કૃષ્ણમૂતિનો જન્મ ૧૧ મે ૧૮૯૫ના રોજ મદનાપલ્લી, ત્રિચુર, આંધ્રપ્રદેશમાં અને તેમનું દેહવિલય ૧૭ ફેબ્રુઆરી ૧૯૮૬, ઓહાઈ, કેલિફોર્નિયામાં થયો હતો.

તેમનો જન્મ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતા નારાયણૈયા રેવન્યૂ ખાતામાં અને પછી અડ્યાર થિયોસોફિકલ સોસાયટીમાં કર્મચારી હતા. માતા સંજીવમ્મા કૃષ્ણભક્ત અને ધાર્મિક હતાં. જિદુ શાળામાં અંતર્મુખ, શૂન્યમનસ્ક અને શરમાળ વિદ્યાર્થી હતા. થિયોસોફિકલ સોસાયટીના વડા ઍની બેસન્ટના સહાયક

લેડબિટરને ગામના નદીકાંઠે ભાઈ નિત્યા સાથે ફરતા કૃષ્ણમૂર્તિનો ભેટો થયો. લેડબિટરને જિદુમાં ઈસુ અને બુદ્ધની કક્ષાના અસાધારણ તત્વનું દર્શન થયું. પરિણામે ૬ માર્ચ, ૧૯૧૦ના રોજ ઍની બેસન્ટે બન્ને ભાઈઓને દત્તક લીધા. તેમણે તેમની આધ્યાત્મિક તાલીમ દરમિયાન તેમણે 'શ્રી ગુરુચરણે' પુસ્તિકા લખી. ૧૩ નવેમ્બર ૧૯૨૫ના રોજ નિત્યાનંદનું મૃત્યુ થતાં માનવવિષાદ અને માનવયાતનાની ઉત્કટ અનુભૂતિથી જિદુ કૃષ્ણમૂર્તિના જીવનમાં આમૂલ પરિવર્તન થયું. આત્માનુભૂતિનો વિસ્ફોટ થતાં તેમણે પોતાને જગદગુરુ બનાવવા માટે ઍની બેસન્ટે સ્થાપેલા અને લખલૂટ મિલકત અને હજારો અનુયાયી ધરાવતા 'પૂર્વના તારક સંઘ'નું ૩ ઑગસ્ટ ૧૯૨૯ના રોજ સ્વયં વિસર્જન કરી દીધું અને સંઘ, સંસ્થા, ગુરુ, મંત્ર, જાપ, વિધિ, વિચારસરણી કે સંપ્રદાય સત્યનાં દુશ્મન હોવાની ઘોષણા સાથે પોતે જગદગુરુ બનવા માગતા નથી એવી જાહેરાત કરી.

સુદીર્ઘ જીવન પર્યંત આગવી શૈલીમાં વિકાસ સાધતાં તેમણે ન તો ધર્મગ્રંથ વાંચ્યા; ન વાદ, મત કે મઠની સ્થાપના કરી; ન કોઈ ભૂમિને દેશ કે પરદેશ માન્યો; ન સંપત્તિ એકઠી કરી; ન કોઈને ગુરુ કર્યા કે ન તો કોઈને ચેલા થવા દીધા. તેમણે જીવનગત અને જાગતિક પ્રશ્નોને તત્વજ્ઞાનના શાસ્ત્ર-તંત્રમાં ન ગૂંચવતાં ચર્ચાનો વિશ્વ-પરિપ્રેક્ષ્ય અપનાવ્યો.

માણસ 'હું-મારાં'ની, ભૂતકાળની સંસ્કારબદ્ધતા (conditioning) માંથી મુક્ત થઈને જ નિજની પ્રેમમય અનંતતાને સમજી શકે; એટલે અક્ષરજ્ઞાન વિનાનો માણસ અજ્ઞાની નથી. પોતાની જાતને ઓળખતો નથી તે અજ્ઞાની છે એમ તેમણે કહ્યું. સ્વની સમજ એટલે શિક્ષણ, શિક્ષણ જાણકારીનું સંપાદન કે મનની કેળવણી નથી. એવા શિક્ષણથી કાર્યકુશળતા આવે પણ જીવનની સમગ્ર દૃષ્ટિ ન આવે એમ તેઓ માનતા. તેમણે સમજાવ્યું છે કે માનવ-સમસ્યાઓના મૂળમાં અહમ છે અને તેનો ઉકેલ 'પસંદગી વગરના નિરીક્ષણ' વડે અહમનું વિસર્જન કરવામાં છે. ઋષિવેલી-આંધ્ર, રાજઘાટ બેસન્ટ શાળા તથા બ્રોકવુડ પાર્ક જેવા સ્થળે તેમના વિચારોને કાયાન્વિત કરતી શાળાઓ છે. તેઓ સ્વિટ્ઝરલેન્ડમાં રહી, ચર્ચાઓ માટે વિશ્વપ્રવાસ કરતા. શ્રોતાને વિચારતો કરનારી સાદી, સરળ અંગ્રેજીમાં થયેલી પ્રવચન પરિચર્ચાઓના ધ્વનિ-મુદ્રણ પરથી ગ્રંથો બન્યા છે. ગુજરાતીમાં પણ તે ભાષાંતરિત થયા છે.

તેમના ભાષણો, સંવાદ, પત્ર, રોજનીશી વ. સઘળું ૭૦ પુસ્તકોમાં સમાવિષ્ટ છે. શિક્ષણ અને સંસ્કાર પરના એમના ગ્રંથોએ વિશ્વભરના બૌદ્ધિકોને એક નવો જ રાહ ચીંધ્યો છે. તેમણે જીવનની મુક્ત અને પરમ દશાનું વર્ણન કરતી પ્રસાદ પ્રેરિત કવિતાઓ લખી છે. તેજસ્વી આંખો અને સોહામણું વ્યક્તિત્વ ધારાવતા આ અકિંચન આંતરરાષ્ટ્રીય ચિંતકે અગણિત જનોને પોતાની જીવનદ્રષ્ટિ વિકસાવવામાં સહાય કરી છે. ૦૦૦

(અનુસંધાન પાન ૧૨ પરથી)

૫) આદ્ય સ્થાપકો કર્નલ ઓલ્કોટ અને માદામ બ્લેવેટસ્કી મુંબઈમાં ૧૮૮૨થી ૧૮૮૭ વચ્ચે જે મકાનમાં રહેલાં તે બંગલાનું નામ ''ક્રોઝનેસ્ટ'' હતું. તે બંગલો બ્રીચકેન્ડી પર હતો અને ભૂતિયો ગણાતો, પરંતુ ઓછા ભાડાથી મળેલો.

૬) માદામ બ્લેવેટસ્કી થિયોસોફી પર લેખો લખતા, આ ઉપરાંત તેઓ પત્રકાર પણ હતાં. રશિયાના પત્રોમાં લખાણો લખતાં અને તેમાં મુખ્યત્વે ભારતની વાર્તાઓ ''રાધાબાઈ''ના તખલ્લુસથી લખતાં. ૧૮૮૦માં લખેલ વાર્તાઓના એક પાના માટે તે વખતે તેમને ૫૦ રૂબલ્સ (પાંચ પૌંડ) પુરસ્કાર મળેલો. ''કેવ્ઝ એન્ડ જંગલ્સ ઓફ હિંદુસ્તાન'' ગ્રંથમાં વાર્તાઓ ગ્રંથસ્થ છે અને તે બધી જ રસપ્રદ છે. ૦૦૦

# બ્રહ્મવિદ્યાના સુવિચારો

પ્રસ્તુતિ
શ્રી ભરતભાઈ ચુડાસમા
મંત્રી, અમદાવાદ લોજ
મો. ૮૨૦૦૨૯૦૬૧૧

## વિભાગ–૯

૧) દર વર્ષની ૧લી ઓક્ટોબરના રોજ ડો. એની બેસન્ટની જયંતી એક પર્વ તરીકે ઉજવવામાં આવે છે. તેમનો જન્મ લંડનમાં ૧-૧૦-૧૮૪૭ના દિવસે થયો હતો. જયંતીને દિવસે બેસન્ટના જીવન, કવન અને કાર્યને યાદ કરી વ્યાખ્યાનમાળા તથા એમને પ્રિય એવી પ્રવૃત્તિઓ યોજાય છે.

૨) ડો. બેસન્ટે ભારતના ગામડાઓમાં ગ્રામપંચાયતો, તાલુકા પંચાયતો અને જીલ્લા પંચાયતો સ્થાપવાનો વિચાર પ્રથમ ૧૯૨૪ના તેમના કોમનવેલ્થ ઓફ ઈન્ડિયા બિલમાં રજૂ કર્યો હતો. આથી તેઓ પંચાયતી રાજના મૂળભૂત વિચારના પ્રથમ પ્રણેતા હતાં.

૩) થિયોસોફીના મૂળભૂત સિદ્ધાંતો અંગેના ગ્રંથોમાં ૧. ધ મહાત્મા લેટર્સ ટુ એ.પી.સીનેટ (સંપાદન–ટ્રેવોર બાર્કર), ૨. ધી સીક્રેટ ડોક્ટ્રીન (એચ.પી.બી.) ૩. ધ કી ટુ થિયોસોફી (એચ.પી.બી.) અને ૪. ઓલ્ડ ડાયરી લીવ્ઝ (કર્નલ ઓલકટ)ની ગણના થાય છે.

૪) ઈન્ડિયન સેક્શન એ સંપૂર્ણ સ્વાયત્ત છે અને તેની નીચે ભારતના ૧૫ થિયોસોફિકલ ફેડરેશનો આવેલાં છે. જેમાં બંગાળ, બિહાર, મુંબઈ, દિલ્હી, ગુજરાત, કર્ણાટક, કેરાલા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મદ્રાસ, રાયલસીમા, તામીલ, તેલુગુ, ઉત્કલ અને ઉત્તરપ્રદેશ છે.

૫) તા. ૧૦-૫-૧૮૮૨ના રોજ સૌરાષ્ટ્ર લોજ, હાલની ભાવનગર લોજ સ્થપાઈ હતી. આ સ્થાપના પાછળ વરલ દરબારશ્રી હરિસિંહજી ગોહિલ તથા પ્રિ.ઉનવાળાનો સક્રિય પ્રયાસ હતો.

૬) ગુજરાતમાં થિયોસોફિકલ અભ્યાસવર્ગ પ્રથમવાર હડાળા દરબારશ્રી વાજસૂરવાળાની પ્રેરણાથી હડાળા મુકામે તા. ૧-૫-૧૯૧૬માં યોજાયેલ. જે ૩૧મી મે સુધી ચાલેલ. અભ્યાસ વર્ગનું સૂચન સ્વ.શ્રી હરજીવનભાઈ મહેતાનું હતું.

૭) થિયોસોફિકલ સોસાયટીના હિંદ વિભાગની સ્થાપના થઈ ત્યારથી હાલ પર્યંત ગુજરાત વિસ્તારની બે વ્યક્તિઓ શ્રી રોહિતભાઈ મહેતા અને શ્રી એચ.બી.વૈલ્ડગ્રવે તેના જનરલ સેક્રેટરીના હોદ્દા શોભાવેલા છે.

## વિભાગ–૧૦

૧) ૧૯૪૭માં ડો. બેસન્ટની શતાબ્દી ભારત અને પરદેશમાં મોટા પાયે ઉજવાયેલી. ભારતમાં બેસન્ટ શતાબ્દી ટ્રસ્ટ ઉભું થયેલું.

૨) ડો. બેસન્ટને બનારસનું ઘણું મહત્વ હતું. તેમણે ભારત વિભાગના મુખ્ય મથક પાસે એક વિશાળ જગ્યા ખરીદી તેમાં રહેણાંકનું મકાન બાંધેલું અને આ વિસ્તારનું નામ 'શાંતિકુંજ' પાડેલ. તેઓ ૧૯૦૦ના માર્ચમાં ત્યાં રહેવા ગયેલ અને ત્યારથી ખરા ભારતવાસી બન્યા.

૩) ભારતના ભવ્ય વારસા સમા ઉપનિષદોની સંખ્યા ૨૦૦ ઉપર છે. તે બધાં જુદે જુદે વખતે લખાયાં છે. તે બધાં શ્રેષ્ઠ છે. તેની શોધ આદિ શંકરાચાર્યે કરી. તેમણે તેનાં ૫૨ ભાષ્યો લખ્યાં. મુખ્ય અગિયાર ઉપનિષદ છે. ઈ.સ. ૭૮૮-૮૨૦ વચ્ચેના ગાળામાં લખાયેલ ૧૧ના નામ અને ક્રમ નીચે પ્રમાણે છે. ઈશ, કેન, પ્રશ્ન, મુંડક, ચાંડક્ય, તૈતિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક અને શ્વેતાશ્વેતર.

૪) થિયોસોફિકલ સોસાયટીના પાંચમાં પ્રમુખ અને શ્રી રામના વિચાર જાગૃતિ અને સંવેદનશીલ સમજણ આપતાં છ પુસ્તકો અગ્રસ્થાને છે. ૧. લાઇફ ડીપર એક્ષપેક્ટ્સ ૨. ધ નેચર ઓફ અવર થિંકિંગ ૩. થોટ્સ ફોર એસ્પીરન્સ ૪. એન એપ્રોચ ટુ રિઆલીટી. ૫. ઓન ધ વોચટાવર અને ૬. સીગ્નીફીકન્સ ઓફ ઈચ પ્રેઝન્ટ મોમેન્ટ.

(અનુસંધાન પાન ૧૧ ૫૨)

# પ્રેરણાદાયી ઋણ અભ્યાસવર્ગ

પ્રસ્તુતિ
શ્રી ઉદય જે. પાકાવાલા
સભ્યશ્રી ટીઓએસ, સુરત
મો. ૯૪૨૯૬૨૬૯૩૩






ગુજરાત થિઓસોફિકલ ફેડરેશન દ્વારા આયોજિત અભ્યાસવર્ગ તારીખ ૨૦-૨૧- ૨૨ જૂન ૨૫ ના રોજ ખેડા જિલ્લાના નડિયાદ પાસેના ઋણ ખાતે વિશ્વજ્યોત ટ્રસ્ટ સંચાલિત ભાભારામ કન્યાવિદ્યાલયમાં યાદગાર રીતે સંપન્ન થયો જેમાં કુલ (૮૦) સભ્યોએ પ્રભાવક રીતે હાજરી આપી.

**પ્રથમ દિવસઃ** સવારે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ ડેલિગેટોનું આગમન શરૂ થયું, જેમનું કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા ચા-કોફીથી ઉમળકાભેર સ્વાગત કરાયું.

બપોરે ૧૨:૩૦ વાગે મોહનથાળ- ફૂલવડીનું સ્વાદિષ્ટ ભોજન માણી સૌ પોતપોતાના ઉતારે વિરામ માટે ગયા. બાદમાં બપોરે ત્રણ વાગે ચા-કોફીને ન્યાય આપી સૌ સભાખંડમાં એકઠા થયા.

**ઉદ્ઘાટન સભાઃ** બપોરે ૩:૩૦ વાગે સભાની શરૂઆત જીટીએફ પ્રમુખશ્રી હર્ષવદનભાઈ શેઠ દ્વારા વૈશ્વિક પ્રાર્થનાથી થઈ.

જીટીએફના મંત્રીશ્રી સી કે સોની દ્વારા પ્રાસંગિક પ્રવચન કરાયું. બાદમાં TOS ગુજરાતના પ્રમુખશ્રી હિતેશભાઈ પટેલ દ્વારા TOSની સેવાપ્રવૃત્તિ તથા સનાતનલોજનો પ્રવૃત્તિ અહેવાલ રજૂ કરાયો.

બાદમાં વડોદરાના શ્રી અતુલભાઇ દરજીએ કેનેડામાં યોજાનાર વર્લ્ડ કોંગ્રેસ અંગેની માહિતી આપી. ગુજરાતના પસંદગી પામેલા ૮ સભ્યોનું મંચસ્થ મહાનુભાવો દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કરાયું.

નડિયાદલોજના પ્રમુખ શ્રી ગોરધનભાઈ પ્રજાપતિ તથા ગાંધીનગરલોજના શ્રી કે. ટી. વાઘેલાએ પોતાની લોજપ્રવૃત્તિનો અહેવાલ રજૂ કર્યો.

શ્રી હર્ષવદનભાઈ શેઠે જુદી જુદી લોજોને સિક્રેટ ડોકટ્રીનનો અભ્યાસ વર્ગ યોજવા હિમાયત કરી. બેંગ્લોર શિબિર અંગેના અનુભવોની ટૂંકમાં રજૂઆત કરી તથા લોજમંત્રીઓને દર અઠવાડિયે મીટિંગ કરવા તેમજ શાખા સમાચાર જ્યોતિમાં નિયમિત મોકલવા હિમાયત કરી.

વિશ્વજ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી જયરામભાઇએ ઉપસ્થિત સૌ ડેલિગેટોનું ઉમળકાભેર સ્વાગત કર્યું.

**બીજો દિવસઃ** સવારે ૮:૦૦ વાગે સેવ-ખમણી તથા ચાને ન્યાય આપી સૌ સભામાં ગોઠવાયા એ દરમિયાન 'રહસ્ય જ્ઞાનસંહિતા' પુસ્તકનું તદ્દન નજીવા રૂ. ૩૦/- ના દરે ડેલિગેટોને વિતરણ કરાયું.

સભાની શરૂઆત સુરતના શ્રી પ્રતિભાબેન પારેખની પ્રાર્થના તથા હર્ષવદનભાઈ શેઠની યુનિવર્સલ પ્રેયરથી થઈ. શ્રી સી. કે. સોની દ્વારા વક્તાશ્રી હર્ષવદનભાઈ શેઠનો તથા સિક્રેટ ડોકટ્રીનનો ટૂંકો પરિચય અપાયો.

**અભ્યાસવર્ગનું પ્રથમસત્રઃ** સવારે ૯:૧૫ વાગેથી વક્તાશ્રી હર્ષવદનભાઈ શેઠ દ્વારા વિધિસર રીતે અભ્યાસ શરૂ થયો. 'રહસ્યજ્ઞાન સંહિતા' પુસ્તકનો રચયિતા એચપીબીનો ટૂંકો પરિચય આપી પુસ્તકનો

અભ્યાસ શરૂ કરાવ્યો. ૧૯૧૪માં સુરતથી પ્રકાશિત આ પુસ્તકના ચાવીરૂપ શબ્દો ટૂંકમાં સમજાવ્યા.

(૧) ફોહાતઃ પરમશક્તિ/આદિશક્તિ/
A LIFE OF FORCE

(૨) **ધ્યાની ચૌહાણ/ બ્રહ્માઃ** જે ધ્યાન રાખનાર છે તે, પરમતત્વમાંથી મહતતત્ત્વ એ જ્ઞાની ચૌહાણને પોતાના સંકેતો મોકલે છે. તત્ત્વના બે પ્રકાર છે એક પુરુષ (MAN) અને પ્રકૃતિ (MATTER). ચૌહાણ તેમનું સર્જન કરે છે.

(૩) **મહાશ્વાસઃ** ૧ મહાશ્વાસ=૩૮૦ ઉપર ૧૪ શૂન્ય.

બ્રહ્માનો દિવસ એટલે સર્જન અને બ્રહ્માની રાત્રી એટલે વિસર્જન.

(૪) **નિર્માણકારકઃ** પૃથ્વી પર સપ્તપ્રજા છે. પૃથ્વી પર આજે છઠ્ઠી મહાપ્રજા અસ્તિત્ત્વમાં છે.

(૫) **પદ્મપાણીઃ** કમલહસ્ત

**મનુષ્યની ઉત્પત્તિઃ** જે દોઢઅબજ વર્ષ પહેલા થઈ તેના વિશે વિસ્તૃત સમજ અપાઈ.

**ગુપ્ત જ્ઞાનના ચાર પ્રકારોઃ-** (૧) યજ્ઞવિદ્યા (૨) મહાવિદ્યા (૩) ગુપ્તવિદ્યા (૪) બ્રહ્મવિદ્યા / આત્મવિદ્યા.

**આત્મવિદ્યાઃ** આત્માને પરમાત્મા સાથે યોગનો માર્ગ દર્શાવનારી અથવા જોડનારી છે તેમ સમજાવ્યું.

**શબ્દ બ્રહ્મઃ** શરૂઆતમાં શબ્દ હતો, શબ્દ એ જ ઈશ્વર હતો તથા શબ્દ ઈશ્વરની સાથે હતો.

(IN THE BEGINNING THERE WAS THE WORLD, THE WORLD WAS GOD & THE WORLD WAS WITH GOD).

આ સત્રમાં સુરતના ડો. દીપિકાબેન પાઠકજી તથા નડિયાદના શ્રી મનુભાઈ રાઠોડે પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો હતો.

ત્યારબાદ બપોરે લાડુ - પાતરા નું સ્વાદિષ્ટ ભોજન તથા વિરામ લઈ સૌ બીજાસત્રમાં સામેલ થયા.

**બીજું સત્રઃ** બપોરે ૦૩:૧૫ વાગ્યે શ્રી સી. કે. સોની દ્વારા યોગદિન નિમિત્તે ધ્યાનથી સત્રની શરૂઆત થઈ. તેમણે એચપીબીના શબ્દો ટાંકીને જણાવ્યું : ''રહસ્યજ્ઞાન સંહીતા'' માં કશું જ ગુપ્ત નથી.''

ત્યારબાદ વક્તાશ્રી હર્ષવદનભાઈએ ઈશ્વરનું કોઈ મૂળ નથી તે 'અમૂલમ મૂલ' એ સૂત્ર સમજાવ્યું તથા ગીતાના 'ઉર્ધ્વમૂલ' વિશે પણ રહસ્યોદઘાટન કરી આત્માના ઉર્ધ્વિકરણને સમજાવ્યું. આ સત્રમાં સુરતના ઉદય પાકાવાલા તથા નડિયાદના ગોરધનભાઈ પ્રજાપતિના પ્રશ્નોનું વક્તાશ્રી એ સમાધાન કર્યું હતું.

સાંજે ૮:૦૦ વાગે છોલે-પુરીનું ડિનર લઈ સૌ સાંસ્કૃતિક કાર્યક્રમ માણવા હોલમાં એકત્ર થયા હતા.

અદભુત સાંસ્કૃતિક કાર્યક્રમઃ રાત્રે ૮:૧૫ કલાકે ડેલિગેટો સાથે છાત્રાલયની ૨૫૦ કન્યાઓની ઉપસ્થિતિમાં ભવ્ય યાદગાર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

પ્રારંભમાં શ્રી હર્ષવદનભાઈએ થિયોસોફી એટલે કે બ્રહ્મવિદ્યા / ઈશ્વરીયવિદ્યાની ટૂંકી સમજ આપીને વૈશ્વિકચેતના તથા ગુરુદેવો અને મહાત્માઓ વિશે સમજાવ્યું હતું. ધર્મોની એકતા તથા નિરાશા અને તકલીફોમાં થિઓસોફીની જરૂરિયાત સમજાવી હતી.

કન્યાઓ દ્વારા રજૂ કરાયેલું 'હેલ્લારો' લોકગીત તથા અન્ય કૃતિઓ અદભુત અને અનુપમ હતી. જેને નેશનલ લેક્ચરર શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, પેટલાદના શ્રી મનહરભાઈ પટેલ તથા અન્ય દ્વારા રોકડ પુરસ્કાર આપી કન્યાઓને પ્રાત્સાહિત કરાઇ હતી. પેટલાદના સુમનબેન પટેલે સુંદર ગીતો રજૂ કરી વાતાવરણને આનંદમય બનાવ્યું હતું. શ્રી મનહરભાઈ પટેલ દ્વારા જોક્સ, પ્રતિભાબેન પારેખ દ્વારા ગીત, મનુભાઈ રાઠોડ દ્વારા શેર-શાયરી, નરસિંહભાઈ ઠાકરિયા દ્વારા જોક્સ, ધીરુભાઈ દોમડિયા દ્વારા છંદ-લોકગીત, દિનેશચંદ્ર દેસાઈ દ્વારા ગીત રજૂ કરી કાર્યક્રમને રંગીન બનાવાયો હતો.

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સુરત.**

જીટીએફના સહમંત્રી ડો. પ્રશાંત શાહ, નડિયાદના શ્રી નરેન્દ્રભાઈ નકુમ તથા વિશ્વ જ્યોત ટ્રસ્ટના મંત્રી શ્રી મનુભાઈ પટેલ દ્વારા કન્યાઓને મોટીવેશન માટે સુંદર વક્તવ્યો આપવામાં આવ્યા હતા.

ત્રીજો દિવસઃ સવારે ૭:૪૫ વાગે ગરમ ભજીયા તથા દાળવડાનો નાસ્તો કરી સૌ ભારતસમાજ પૂજામાં ગોઠવાયા.

**ભવ્ય ભારતસમાજ પૂજાવિધાનઃ** ડેલિગેટો તથા છાત્રાલયની કન્યાઓ સાથે લગભગ ૩૫૦ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં ઊંચામંચ ઉપરથી શ્રી પ્રતિભાબેન પારેખના અધ્વર્યુપદે તથા શ્રી સી કે સોની તથા પ્રતીક શ્રીમાળીના યજમાનપદે શુદ્ધ મંત્રોચ્ચાર સાથે ભવ્ય ભારતસમાજ પૂજાવિધાન યોજાયું.

**સમાપન સભાઃ** છાત્રાલયની કન્યાઓએ સુંદર સ્વાગત ગીત રજૂ કર્યું. બાદમાં વિશ્વજ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી હરિભાઈએ ટ્રસ્ટનો ટૂંકો ઇતિહાસ વર્ણવી ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો. તેમણે થિયોસોફીને સત્ય સુધી લઈ જનાર સંસ્થા તરીકે વર્ણવી હતી. યુવાનોને સંસ્થા તરફ આકર્ષવા તેમણે જોરદાર હિમાયત કરી હતી. ટ્રસ્ટના મંત્રીશ્રી જયરામભાઈએ નજીકની સ્કૂલોમાં જઇ યુવા પ્રવૃત્તિ કરવા આવાહન કર્યું હતું.

શ્રી સી. કે. સોની દ્વારા ટીએસનો ટૂંકો પરિચય અપાયો હતો. વિશ્વજ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી- મંત્રીશ્રી, સંચાલક કોકીલાબેન ગૃહમાતા ભૂમિકાબેન તથા સીતાબેનનું જીટીએફ દ્વારા સન્માન કરાયું હતું.ખાસ મહત્વની બાબત એ હતી કે વિશ્વજ્યોત ટ્રસ્ટ દ્વારા જીટીએફના હોદ્દેદારોનું શાલ તથા પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું.

નેશનલ લેક્ચરર તથા જીટીએફ ઉપપ્રમુખશ્રી નરસિંહભાઈ ઠાકરિયા અને ફેડરેશનના ટ્રસ્ટીશ્રી કાંતિભાઈ પટેલ દ્વારા અભ્યાસવર્ગની મહત્તા દર્શાવતા વક્તવ્યો અપાયા હતા.આ બંને મહાનુભાવો દ્વારા વિશ્વજયોત ટ્રસ્ટ ને રુ.૫૦૦૦/- નું અનુદાન અપાયું હતું. જયોતિના સહતંત્રી શ્રી ગિરીશ નિલગિરીએ આ અભ્યાસવર્ગની પ્રશંસા કરી હતી.

**તૃતીય અને અંતિમસત્રઃ** સવારે ૧૧ વાગ્યે પ્રતિભાબેન પારેખ ની સ્તુતિ વંદનાથી સત્રની શરૂઆત થઈ.

વક્તાશ્રી હર્ષવદનભાઈએ ત્રિકોણના ત્રણ ખૂણા (૧) કામ એટલેકે અગ્નિ, (૨) અશુદ્ધ મનસ એટલેકે વાયુ (૩) શુદ્ધ મનસ એટલે કે સૂર્ય એમ વર્ણવી ચોથો ખૂણો લાઈટ એટલે કે આંતરપ્રકાશનો છે તેમ જણાવ્યું હતું.

તેમણે ૐ/ઓમની વિસ્તૃત સમજ આપી હતી. તથા જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, જીવનકોષ, ઉપરાંત અંતઃકરણ, મનસ તથા બ્રહ્મરંધ્ર વિસ્તૃત સમજ આપી અદ્વૈત મત સિદ્ધ કર્યો હતો.

અંતમાં વક્તા શ્રીએ રાધાબેન બર્નિયરના શબ્દોને ટાંકીને કહ્યું હતું કે અભ્યાસવર્ગ એ થિયોસોફીની અતિ ઉત્તમ પ્રવૃત્તિ છે. તથા તેમણે સૌ ડેલિગેટોની આંતરિકશક્તિઓ ખીલતી રહે તેવી ગુરુદેવોને પ્રાર્થના કરી હતી.

અમદાવાદના શ્રી અરવિંદભાઈ, સુરતના ડો. પ્રશાંતભાઈ શાહ, ગાંધીનગરના શ્રી કે આઇ પટેલ તથા નડિયાદના શ્રી ચીમનભાઈ મેકવાને વક્તાશ્રી હર્ષવદનભાઈનો સરળ અને અદભુત શૈલી માટે તથા સમગ્ર આયોજકોનો ખૂબ ખૂબ આભાર માની અભ્યાસવર્ગની સરાહના કરી હતી. દર વર્ષે ગુજરાતમાં આવા અભ્યાસવર્ગ થતા રહે એવો સૌનો અભિપ્રાય હતો.

ફેડરેશનના ટ્રેઝરર રમેશભાઈ ડોલિયા દ્વારા સુંદર રીતે આભારવિધિ કરવામાં આવી હતી. બાદમાં લગભગ બપોરે ૧૨:૩૦ વાગે શ્રીખંડ અને પાતરાનું પ્રીતિભોજન માણી, અભ્યાસવર્ગની સ્મૃતિઓને વાગોળતા વાગોળતા સૌ પોતપોતાના ગંતવ્ય સ્થાને જવા રવાના થયા હતાં.

૦૦૦

સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી

ભાવનગર લોજ

# પૈસા અને સુખ વચ્ચેનો વિરોધાભાસ

પ્રસ્તુતિ
શ્રી સૂર્યકાન્ત ડી. પટેલ
પ્રમુખ શ્રી પૂર્ણાનંદ લોજ
પેટલાદ
મો : ૯૪૨૭૩૮૬૧૯૮

શું પૈસો માણસને સુખી બનાવે છે? આ વિષય ખૂબ જ ચર્ચાઈ ગયેલો છે. છતાં દુનિયાભરના વિદ્વાન અર્થશાસ્ત્રીઓ અને નાણાંકીય બાબતોના નિષ્ણાતો એના વિશે ચર્ચા કરતા રહે છે. આ વિષય પર ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી સર્વેક્ષણ પણ થયાં છે. પરંતુ ઈશ્વર છે કે નહીં એ વિશે ચાલતા મતમતાંતરોની જેમ આ વિષય વિશે પણ વિરોધાભાસી તારણો મળતાં રહે છે. આપણે માની લીધું છે કે નિર્ધન અથવા ઓછી આવક ધરાવતાં લોકો દુઃખી જ હોય છે. અને શ્રીમંતો સુખી જ હોય છે.

લક્ષ્મીજીને પણ ઈર્ષ્યા આવે એટલી બધી ધનસંપત્તિના માલિકોની જીવનશૈલી વિશે જાણીએ ત્યારે પૈસા અને સુખને સાથે જોડી દેવાં આસાન બની જાય છે. એ કારણે ભારત સહિત વિશ્વના બધા દેશોના અઢળક સંપત્તિ ધરાવતાં શ્રીમંતો સતત સમાચારમાં રહે છે. એમના વિશે અનેક અફવા ઊડતી રહે છે. બિઝનેસનો વિકાસ કરવા માટે એમણે અપનાવેલા માર્ગો કેટલાકના મતે અનુચિત બની રહે છે. જોકે ધનસંપત્તિને કારણે ચર્ચામાં રહેવું એક વાત છે. અંગત જીવનમાં સુખી હોવું બીજી વાત છે.

સાવ ગરીબ અને ઓછી આવક ધરાવતા લોકો માટે સુખ ઝાંઝવા સમાન હોય છે. એ વાસ્તવિકતા જલદી ગળે ઊતરે એવી છે. આર્થિક કટોકટીનો સામનો કરતાં લોકો ચોવીસે કલાક તણાવમાં જીવે છે. એમને જીવવા માટે જરૂરી મૂળભૂત સગવડોથી વંચિત રહેવું પડે છે. તેઓ એમનાં સંતાનોને યોગ્ય શિક્ષણ આપી શકતાં નથી. એમને યોગ્ય સ્વાસ્થ્ય સેવાનો લાભ મળતો નથી. તેઓ એક ઉપાધિમાંથી બહાર નીકળે ત્યારે બીજી દસ ઉપાધિઓ સામે ઊભી હોય છે.

એમની સામે પૈસાદાર લોકો તમામ પ્રકારની સુખસુવિધા સાથે વૈભવી જીવનનો આનંદ માણતા જોવા મળે છે. પૈસાથી ખરીદી શકાય એવી તમામ સગવડો એમની પાસે હોય છે. એથી પૈસાથી સુખ ખરીદી શકાય એવી માન્યતા લોકોમાં ઘર કરી ગઈ છે.

આપણે જીવનમાં સુખ અને પ્રસન્નતાને ભૌતિકતા સાથે જોડી દીધાં છે. માત્ર ધનસંપત્તિ જ સુખનું કારણ હોઈ શકે નહીં એ બાબત વિશે અભ્યાસીઓએ વિચાર્યું છે. આખો દિવસ મજૂરી કરીને બે ટંકનો રોટલો માંડ રળી શકતા લોકો રાતે ફાટેલી ગોદડી પર ઘસઘસાટ ઊંઘી શકે છે અને કેટલાય શ્રીમંતો એમના ભવ્ય નિવાસોમાં સુંવાળી શૈયા પર જાગતા પડ્યા રહે છે. એવાં દૃષ્ટાંતો જાણીએ ત્યારે માત્ર પૈસા જ માણસને સુખી બનાવે છે એ તારણ પર શંકા જન્મે છે.

સુખી હોવું અને સંતોષી હોવું જુદી વાત છે. સંતોષી માણસ ધન પ્રાપ્ત કરવાની ઝંખના પર કાબૂ રાખી શકે છે. એ જાણે છે કે ક્યાં અટકવાનું છે. સંતુષ્ટ માણસ એને જે મળ્યું છે એનાથી પ્રસન્ન રહે છે. એ સાચું સુખ મેળવવા અન્ય પરિબળો પર ધ્યાન આપે છે.

થોડાં વર્ષ પહેલાં બે સુપ્રસિદ્ધ અર્થશાસ્ત્રીએ એક સ્ટડી રિપોર્ટ તૈયાર કર્યો હતો. એમાં એમણે જણાવ્યું હતું કે અમુક સીમા સુધીની સંપત્તિ માણસને સુખનો અનુભવ કરાવે છે. પરંતુ એ સીમાથી વધારે સંપત્તિ મળવા લાગે ત્યારે વધારાનો ધનપ્રવાહ એના સુખમાં વધારો કરતો નથી. એ સ્થિતિ તણાવનું કારણ બને છે. વધારે ને વધારે કમાવા માટે પોતાના બિઝનેસની ક્ષિતિજો વધારતા જતા લોકો ઊંડા કળણમાં ડૂબતા જાય છે. ક્યારેક નૈતિકતા અને કાયદાની ઝપટમાં આવીને સુખ શાંતિને ગુમાવી દે છે.

જીવનમાં સુખ અને સંતોષ પૈસા સિવાયની ઘણી બાબતો પર આધાર રાખે છે. અઢળક સંપત્તિમાં આળોટતી વ્યક્તિની તબિયત સારી રહેતી ન હોય અને પૈસાના ઢગલા પર બાંધેલા એક દંડિયા મહેલમાં જ પુરાઈ રહેતી હોય તો પૈસાથી પ્રાપ્ત થયેલું સુખ ભ્રામક બની જાય

(અનુસંધાન પાન ૧૮ પર)

## ધર્મ

ટોયન્બી મહાન ઈતિહાસવેત્તા હતો. એ કહે છે કે, ''ધર્મ એ મનુષ્યની ગંભીર પ્રવૃત્તિ છે.'' ઈન્દિરાદેવીજી કહે છે કે ''ધર્મ એ મનુષ્યની અંગત બાબત છે.'' અંગ્રેજીમાં ધર્મ માટે 'રિલિજિયન'' શબ્દ છે. કોઈ સંપ્રદાય કે જૂથ કે અંધની સાથે બાંધે તે ધર્મ એવો એનો અર્થ છે. પણ કાળાંતરે ધર્મે એ અર્થ ગુમાવ્યો છે. હવે એ અર્થમાં એનો ઉપયોગ થતો નથી.

સાદી ભાષામાં કહેવું હોય તો જેમ ઈંદિરાદેવીજી કહે છે, ''જો જોડે, જે ભેગા કરે તે ધર્મ અને જે વિભાજિત કરે તે અધર્મ.''

મારો ઈશ્વર એ મારી અંગત બાબત છે. મને ગમે તે નામે હું તેને બોલાવું રૂઢ ધર્મ અને સંપ્રદાયોનો કાળ વિતી ગયો છે. આપણે તેનો દુરૂઉપયોગ કર્યો છે અને તેમના વાડા બનાવી દીધા છે. આપણે ધર્મને આપણા અંગત હેતુ માટે વાપરીએ છીએ. ધર્મએ આપણને નીચું જોવડાવ્યું નથી કે ઈશ્વરે આપણને નાકામિયાબ કર્યા નથી. પણ આપણે ધર્મને નીચે જોવડાવ્યું છે અને ઈશ્વરને નાકામિયાબ કર્યો છે. માનવજાત આત્મઘાતી સાબિત થઈ છે, નહીં તો તે ઈસુનો પ્રેમ અને કરૂણા, કૃષ્ણનું સૌંદર્ય, હઝરત મોહંમદ પૈગમ્બરનું માનવ બંધુત્વ, શીખ ગુરૂઓનું આત્મ બલિદાન – આ બધાનો ઈન્કાર કેમ કરી શકે? એ બધુ ભેગું થતા કેવું એક સુંદર સ્વરૂપ પ્રગટ થાય છે. વિવિધ રીતે પ્રગટ થતો આપણો ઈશ્વર એક જ છે. ઈશ્વર આપણા વ્યક્તિત્વનો આદર કરે છે. એ ખ્યાલ કેવો સુંદર છે? એટલે તો ઉપાસનાના આટલા બધા વિવિધ પ્રકારો છે. એટલે તો એક ઈશ્વરના બધા વિવિધ આર્વિભાવો છે.

જો ધર્મને રાજકારણમાંથી મક્કમપણે દૂર રાખવામાં આવે તો દુનિયા વધારે સુખી બની શકે! રાજકારણમાં, સામાજિક જીવનમાં અને જાહેર જીવનમાં એક માત્ર પ્રેમનો અને માનવતાનો જ ધર્મ પ્રગટ થવો જોઈએ.

**પ્રસ્તુતિ**

**શ્રી કાંતિલાલ પી. પટેલ**
**ટ્રસ્ટી અને પૂર્વ ઉપપ્રમુખ**
**જી.ટી.એફ.**

કીટ અને માટીનું ઢેફૂ પણ પ્રભુ છે.

પ્રેમમાં બધા સરખા છે. જ્યારે કોઈ પ્રેમમાં પડે છે ત્યારે એ નાતજાતના કે ધર્મનો વિચાર કરવા રહેતો નથી. તમે પ્રભુને ચાહતા થાઓ ત્યારે તમારો પ્રેમ તમને એવી આંતરદષ્ટિ આપે છે કે તમે જે ઈશ્વરને જુઓ છો તેથી જ તમને ખબર પડે છે કે કોઈ ઈશ્વર છે. બેનરો અને સાઈનબોર્ડ હવે નકામા થઈ જાય છે. એક માત્ર હૃદયની સચ્ચાઈનું જ મહત્વ રહે છે.

અરવિંદે ''ઈશ્વર'' માટેના એક અંગ્રેજી કાવ્યમાં લખેલું તેને એક ગુજરાતી કલાકારે આનો ગુજરાતીમાં અનુવાદ કર્યો ત્યારે એનો એવો અનુવાદ કર્યો કે પ્રભુ, કીટને કે માટીના ઢેફાને તુચ્છ ગણતો નથી.

એ વાંચીને શ્રી અરવિંદે તરત જ દાદાજીને લખ્યું હતું કે ''બહેને કવિતા સમજી નથી, ઈશ્વર તો શું કોઈ અંત પણ કદી કીટ ને કે માટીને તુચ્છ ગણતો નથી. આમ થવાને બદલે અગત્ય એ શબ્દ – હે પ્રભુ તુ કીટ બને છે માટીનું કેફુ બને છે, તું કીટ બની જન્મે છે અને માટીનું ઢેફુ બની પણ જન્મે છે. તેથી મારી આ નમ્રતા જોઈ અમને ભાન થાય છે કે તું ઈશ્વર છે. જો કીટ અને માટીના ઢેફા પણ ઈશ્વર છે તો મનુષ્યમાં પણ એ જ છે. પછી ગમે તે લેબલ હેઠળ જન્મ્યો હોય અને ગમે તે ધ્વજ હેઠળ ચાલતો હોય. કોઈપણ મનુષ્યની આપણે અવગણના કરી શકીએ નહીં. કોઈનો તિરસ્કાર કરી શકીએ નહીં.

આગળ ઈન્દિરા દેવી કહે છે કે, તમને પ્રશ્ન થશે કે શું શરીર ધર્મ અને સ્વધર્મ જુદા છે? હા, બંને જુદા છે. જો તમે (આત્મા) અને શરીર જુદા હો તો શું તમારો અને શરીરનો ધર્મ જુદો ન હોય?

(અનુસંધાન પાન ૧૮ પર)

# શાખા સમાચાર

● **રોહિત લોજ, અમદાવાદ :** તા. ૭ જૂનના રોજ ''જે.કૃષ્ણમૂર્તિના જીવનમાંથી મળતી પ્રેરણા'' વિષય પર શ્રી હર્ષવદન શેઠે પ્રવચન આપ્યું. તા. ૧૪મીએ ''કર્મનો સિદ્ધાંત'' વિષય પર શ્રી રાજેશ્રીબેન શાહે પ્રવચન આપ્યું.

● **અમદાવાદ લોજ, અમદાવાદ :** તા. ૬ જૂનના રોજ ''ગીતાનો સંદેશ'' વિષય પર ઈશ્વરભાઈ પરમારે પ્રવચન આપ્યું. તા. ૧૩મીએ ''ધ્યાન-લાઈટ ઓન પાથ'' વિષય પર ડો. વર્ષાબેન પટેલે પટેલે પ્રવચન આપ્યું.

(અનુસંધાન પાન ૧૬ પરથી)

છે. ધનિકો આખરે તો માણસ છે. પૈસાથી ભૌતિક સુખ સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય પરંતુ માનસિક શાંતિ પ્રેમ અને આત્મીયતા બજારમાં મળતા નથી.

ધનસંપત્તિ અને સુખ વચ્ચેનો વિરોધાભાસ સમજી લેવા જેવો છે. ગરીબીમાંથી શ્રીમંત બનેલા એક સમજુ ધનવાને સરસ વાત કરી છે. હું પૈસાનો પૂજારી છું. પૈસાને કારણે મારી પાસે બધું જ છે. મારા ઘરમાં અનેક મોંઘીદાટ આધુનિક ચીજ-વસ્તુઓ છે. હું ચાંદીની થાળીમાં જમું છું. ત્રણસો ડોલરનાં પગ મોજાં પહેરું છું. અરે મારા કૂતરાને સાફ કરવા માટે મારી પાસે ઈલેક્ટ્રોનિક મશીન છે. એ બધું મેળવીને પણ ક્યારેક મને વિચાર આવે છે કે મારી પાસે પૈસો નહોતો ત્યારે પણ હું સાદી થાળીમાં જમી તો શકતો જ હતો. પગમાં મોજા પણ પહેરતો હતો. મારા કૂતરાને મારા હાથે પાણીથી નવડાવી સાફ કરી શકતો હતો તો પછી પૈસો કમાયા પછી મને નવું શું મળ્યું છે ?

તમે ભરપૂર પ્રેમ પામીને જ સુખી રહી શકો. પૈસાને તમારા જીવનનું એક માત્ર ધ્યેય ન બનાવો. લોકો તમને ધનાઢ્ય વ્યક્તિ તરીકે યાદ રાખે એ કરતાં મનગમતું કામ નિષ્ઠાપૂર્વક કરી જનાર વ્યક્તિ તરીકે તમને યાદ રાખે એમાં જ તમારી સફળતા છે. ટૂંકમાં, પૈસાથી પ્રેમ ખરીદી શકાતો નથી.

"Money cannot buy love."

અસ્તુ. ૦૦૦

(અનુસંધાન પાન ૧૭ પરથી)

જુઓ શરીર ધર્મ એટલે સંસાર પ્રત્યે, જગત સાથે આપણું જે કર્તવ્ય છે તે બજાવવું. તેનું નામ છે શરીર ધર્મ, બીજા શબ્દોમાં કહેવું હોય તો શરીર ધર્મ એટલે જગતની સેવા, તમને શરીરમાંથી જે સામર્થ્ય મળ્યું હોય, બળ મળ્યું હોય, જ્ઞાન મળ્યું હોય, યોગ્યતા મળી હોય, કોઈપણ પ્રકારની આવડત મળી હોય, ધન મળ્યું હોય, આ બધાની સમજનો બીજાના હિતમાં ઉપયોગ કરવો તે છે. શરીર ધર્મને સેવા કહે છે.

અને સ્વધર્મ એટલે સેવા કરતાં કરતાં તેમાં ફસાવું નહી. નિર્લેપ રહેવું. કોઈપણ પ્રકારની સેવા કર્યાનું માન સન્માન ન લેવું. કોઈપણ પ્રકારના બદલાની ભાવના વિના, પોતાને સેવક કહેવડાવવાના પ્રલોભન વિના કરવું છે તે સ્વધર્મ.

જો તમે સ્વધર્મનું પાલન કરશો તો રાગ-દ્વેષથી મુક્ત થશો. પછી તમે સ્વાધીન થશો. જ્યાં સુધી વ્યક્તિગત શરીર સાથે તમારી આસક્તિ છે ત્યાં સુધી પરાધીન છો. તમારા સુખનો આધાર તમારા પરાધીનતા પર છે.

જેણે જગતમાં ઈશ્વરને માન્યો છે, પ્રભુને માન્યો છે તેણે શરીરને અને સંસારને ઈશ્વર માન્યા છે. આવા જીવનમાંથી વ્યક્તિગત સુખ ભોગની લાલસા નીકળી ગઈ છે. મમતા નીકળી ગઈ છે. તેથી નિર્મળ થઈ જવાય છે. નિર્મમ થતાં જ નિર્વિકાર થઈ જવાય છે. નિર્વિકાર થતા ઉદારતા આવે છે. આ પ્રકારના મનુષ્યના જીવનમાં સેવા પ્રવૃત્તિ થવા લાગે છે. સેવાથી નિષ્કામ અને અધિકાર ત્યાગનું બળ મળે છે. ૦૦૦

# શાખા સમાચાર

- **રેવા લોજ, વડોદરા :** તા. ૧ જૂનના રોજ નવા સભ્ય શ્રી જીજ્ઞેશ દરજી દ્વારા પ્રાણીક હિલીંગ અને મહાન પ્રાર્થના વિશે પ્રવચન તથા સામુહિક ધ્યાન કરાવવામાં આવ્યું. તા.૮મીએ શ્રી હર્ષદભાઈ દવે દ્વારા જે.કૃષ્ણમૂર્તિની બુક ''બુક ઓફ લાઈફ''માંથી ઓનલાઈન પ્રવચન કરવામાં આવ્યું. તા. ૧૫મીએ રોહિત મહેતાના પુસ્તક ''સર્જક શાંતિ''માંથી પ્રમુખ શ્રી મલેકે અભ્યાસવર્ગ લઈ સુંદર સમજ આપી હતી. પશ્ચાત પ્રશ્નોત્તરી થવા પામી હતી. તા. ૧૦મી તથા ૨૨મીએ રેવાલોજ થી.સોસાયટી દ્વારા જરૂરતમંદ બાળકોને મફત નોટબુક વિતરણનો કાર્યક્રમ કરવામાં આવેલ હતો. કુ. હેમાન્દ્રિ ભટ્ટે લોજ ઉપર 'મીટિંગનું રહસ્ય' એ વિષય ઉપર પ્રવચન આપ્યું. તા.૨૯મીએ નિમિષ પુરોહિત દ્વારા ''ભારત સમાજ પૂજા'' કરાવવામાં આવી.
- **સનાતન લોજ, સૂરત :** તા. ૪ જૂનના રોજ નેશનલ લેક્ચરર શ્રી નરસિંહભાઈ ઠાકરિયાએ 'ભગવાન બુદ્ધનું જીવન અને સંદેશ' વિષય પર પ્રવચન આપ્યું. ૧૧મીએ શ્રી ઉદય પાકાવાલાએ 'સંત કબીર જીવન અને સંદેશ' વિષય પર પ્રવચન આપ્યું. ૧૮મીએ ડોક્ટર દીપિકાબેન પાઠકજીએ 'આંતરિક પર્યાવરણ' વિષય પર પ્રવચન આપ્યું. તા. ૨૫મીએ અધ્વર્યુ સુશ્રી પ્રતિભાબેન પારેખે ભારત સમાજ પૂજા કરી.

  તારીખ ૨૦-૨૧-૨૨ જૂન દરમિયાન ઋણ મુકામે યોજાયેલ જીટીએફના અભ્યાસવર્ગમાં સુરતના ૧૨ સભ્યોએ હાજર રહી ભાગ લીધો હતો. આ અભ્યાસવર્ગ દરમિયાન જુલાઈ-૨૫માં કેનેડા ખાતે યોજાનાર થિયોસોફીની ૧૨મી વર્લ્ડ કોંગ્રેસમાં સનાતન લોજના પસંદગી પામેલા સુશ્રી પ્રતિભાબેન પારેખ તથા શ્રી મનસુખભાઈ દોમડીયાનું જીટીએફ તરફથી પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું. ૯ જુલાઈના રોજ મળેલી મીટિંગમાં નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી. (૧) પ્રમુખ - શ્રી નરસિંહભાઈ ઠાકરિયા (૨) ઉપપ્રમુખ - શ્રી ઉદય પાકાવાલા (૩) મંત્રી - હિતેશભાઈ પટેલ (૪) સહમંત્રી - ડો. પ્રશાંતભાઈ શાહ (૫) ખજાનચી - શ્રી મનસુખભાઈ દોમડિયા (૬) ફેડરેશન કાઉન્સિલ મેમ્બર - શ્રી નરસિંહભાઈ ઠાકરિયા (નેશનલ લેક્ચરર). કારોબારી સભ્યોની નીચે મુજબ નિમણૂંક કરવામાં આવી હતી :- (૧) શ્રી ચંદ્રકાંતભાઈ સરડવા (૨) શ્રીમતી પરિતબેન સરડવા (૩) શ્રી કાંતિભાઈ પટેલ (૪) શ્રી રંજનભાઈ ઠક્કર (૫) શ્રીમતી બીજલબેન શાહ (૬) સુશ્રી પ્રતિભાબેન પારેખ (૭) ડો. દિપીકાબેન પાઠક.
- **પૂર્ણાનંદ લોજ, પેટલાદ :** તા. ૬ઠ્ઠી જુલાઈએ પ્રો.પ્રતિક્ષાબેન શાહે 'ગીતા જ્ઞાન સંહિતા'' વિષય પર પ્રવચન આપ્યું. જરૂરિયાતમંદ બાળકોને નોટબુક વિતરણ કાર્યક્રમમાં શ્રી ગિરીશ 'નિલગીરી', શ્રી પ્રમોદ શર્મા, શ્રી પી.જી.પટેલ, શ્રી મનહરભાઈ પટેલ હાજર રહ્યાં હતાં. તા. ૧૩મીએ પૂર્વ પ્રમુખશ્રીના નિવાસસ્થાને ગિરીશ નીલગિરિ દ્વારા રીન્યૂ મેમ્બરની સહી માટે યાદી મુજબ દરેકની રીન્યૂ સહી કરાવી વારાણસી ઈમેલ દ્વારા રિન્યૂ કરાવ્યું. સમગ્ર સંચાલન પ્રતિક્ષાબેન શાહે કર્યું.
- **શબરી લોજ, કાંટીદરા :** ગુરૂ પૂર્ણિમાના દિવસે શબરી લોજમાં વિનોદભાઈ વસાવા દ્વારા ઉજવણી કરવામાં આવી. ગુરૂનું મહત્વ અને ગુરૂ દ્વારા પ્રેરણા વિશે શ્રી તરૂણભાઈ અશ્વિનભાઈએ માહિતી આપી. કાર્યક્રમનું સંચાલન શ્રી વિનોદભાઈ વસાવાએ કર્યું.


RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Published on 10th of every month.

Printed Matter Periodicals THEOSOPHIC JYOTI August-2025

To :

If Undelivered Return to : HARSHAD MANSULKHLAL DAVE
A-201, Milestone Residency, Opp. Nayara Petrol Pump, Vesana-Bhayali Road, Vodadara-391410

## આપણો પુસ્તક પ્રેમ ...


★
ડૉ. ઍની બેસન્ટ
ની
વિચારસરણિ અને કાર્યપદ્ધતિ

(આવૃત્તિ બીજી)

હરજીવન કાલિદાસ મહેતા

સં. ૨૦૨૧ કીંમત : ૦-૩૦ પ્રત ૧૦૦૦

: લેખક :
હરજીવન કાલિદાસ મહેતા

પ્રસ્તુતિ
શ્રી પ્રવીણભાઈ માંડલિયા
ભાવનગર

ડૉ. બેસન્ટ મનુષ્યના શરીર, હૃદય અને મનના વિકાસમાં અને અન્તરાત્માના ચેતના વિસ્તારમાં માનતાં હતાં. એટલે તેમણે ધાર્મિક ક્ષેત્રે, કેળવણી ક્ષેત્રે, સમાજ ક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે જોરશોરથી કાર્ય કર્યું હતું. એટલે આ પુસ્તિકામાં આ ચારે ક્ષેત્રને લગતી તેમની વિચારસરણિ અને કાર્યપદ્ધતિનું ટૂંકમાં અવલોકન કરવામાં આવ્યું છે. આ ચારે ક્ષેત્રમાં કાર્ય કરતા, નાના-મોટા અનેક કાર્યકરો તેમણે તૈયાર કર્યા હતા અને તેઓનો હાર્દિક સહકાર સાધ્યો હતો. તેઓ પોતાના સહકાર્યકરોનો હાર્દિક સહકાર ઈચ્છતાં, શરણાગતિ નહિ જ નહિ.

પ્રકાશક : શ્રી હર્ષદ મનસુખલાલ દવે
માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧
મુદ્રક : હેમ પ્રિન્ટીંગ પ્રેસ, ૪, લબ્ધી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, એસીડ મીલ કંપાઉન્ડ, રણમુક્તેશ્વર રોડ, પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪

Printed and Published by HARSHAD MANSUKHLAL DAVE on behaf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Hem Printing Press, 4, Labdhi Ind. Estate, Acid Mill Compound, Ranmukteshwar Rd., Pratapnagar, Vadodara-390004 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, A-201, Milestone Residency, Vasana Bhayli Rd., B/h. Bright Day -CBSE School, Opp. Nayara Petrol Pump, Vadodara-391410.Editor -HARSHAD MANSULKHLAL DAVE